દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
બુધવાર ૯ ઓક્ટોબર, ૨૦૨૪

# માલદીવને ભારતનું મહત્વ સમયસર સમજાઈ ગયું તે સારી વાત છે

હવે મોટે ભાગે જે માલ્દીવ્ઝ તરીકે ઓળખાય છે તે માલ્દીવ એ હિંદ મહાસાગરમાં આવેલો એક નાનકડો ટાપુ દેશ છે. તે કેટલાક પ્રવાલ દ્વીપોનો સમૂહ છે અને તેની વસ્તી આપણા નાના રાજ્યો કરતા પણ ઓછી છે. આ ટાપુ રાષ્ટ્ર સાથે ભારતને છેલ્લા કેટલાક સમયથી અણબનાવ ચાલી રહ્યો હતો પણ હવે બંને દેશો વચ્ચે જૂની મિત્રતા ફરી સ્થાપિત થઇ રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. માલ્દીવના પ્રમુખ મોહમ્મદ મુઇઝ્ઝુ ભારતની મુલાકાતે આવ્યા છે અને તેઓ હાલ ભારતમાં જ છે. તેમના બદલાયેલા સૂર અને ભારત સરકારે પણ તેમને આપેલા હકારાત્મક પ્રતિસાદ પરથી લાગે છે કે બંને દેશો વચ્ચે હવે ફરી મિત્રતાનો દોર શરૂ થશે. ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા માલ્દીવીયન પ્રમુખ મોહમ્મદ મુઇઝ્ઝુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સોમવારે દિલ્હીમાં મંત્રણાઓ થઇ હતી જેમાં બંને નેતાઓએ બંને દેશો વચ્ચે આર્થિક અને સમુદ્રી સહકારની નવી રૂપરેખા દોરી હતી અને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા શત્રુતાના માહોલના અંતનો સંકેત આપ્યો હતો.

રવિવારે સાંજે ભારતની પાંચ દિવસની મુલાકાતે આવી પહોંચેલા મુઇઝ્ઝુનું ભારત સરકારે ભવ્ય સ્વાગત કર્યું. તેમને રાષ્ટ્રપતિભવનના પ્રાંગણમાં સેનાની ત્રણેય પાંખો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. સોમવારે યોજાયેલી મંત્રણામાં મોદી અને મુઇઝ્ઝુએ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષી સંબંધોની સમીક્ષા કરી હતી અને કરન્સી સ્વેપ કરાર પર સંમત થયા હતા જે માલ્દીવને ૪૦૦ મિલિયન ડોલરનો ટેકો મેળવવા સક્ષમ બનાવશે અને વધારાના રૂ. 3000 કરોડ પણ તે મેળવી શકશે. હું ભારત સરકારનો રૂ. 30 અબજનો ટેકો આપવા બદલ અને વધારાના ૪૦૦ મિલિયન કરન્સી સ્વેપ એગ્રીમેન્ટ બદલ આભારી છું જે અમે હાલ જેનો સામનો કરી રહ્યા છીએ તે વિદેશી હુંડીયામણના મુદ્દાઓને હાથ ધરવામાં મદદરૂપ થશે એમ મુઇઝ્ઝુએ મોદી સાથેની મંત્રણા પછી કહ્યું હતું. આ બાબત દેખીતી રીતે સૂચવે છે કે ભારત વિરોધી અને ચીન તરફી ગણાતા મુઇઝ્ઝુને ભારતનું મહત્વ સમજાઇ ગયું છે. બંને દેશો વિવિધ ક્ષેત્રે સહકાર માટે સહમત થયા હતા જેમાં ભારત માલ્દીવમાં બંદરો, એરપોર્ટો બાંધવા સહિતના વિકાસકાર્યો માટે સહકાર આપવા તૈયાર છે. ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે આવી પહોંચેલા માલ્દીવના પ્રમુખ મોહમ્મદ મુઇઝ્ઝુને રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં વિધિવત સરકારી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ ઉપરાંત વડાપ્રધાન મોદી પણ આ સમયે ત્યાં હાજર હતા. આ બાબત એ પણ સૂચવે છે કે ભારત સરકાર પણ માલ્દીવ્ઝને ઘણુ મહત્વ આપી રહી છે. આમ તો મુઇઝ્ઝુની છાપ ચીન તરફી અને ભારત વિરોધી નેતા તરીકેની રહી છે. તેઓ પ્રમુખ બન્યા ત્યારથી જ ભારત સાથેના માલ્દીવના સંબંધો બગડવા માંડ્યા હતા. ગયા વર્ષે મોહમ્મદ મુઇઝ્ઝુ ઇન્ડિયા આઉટ અભિયાનના આધારે પ્રમુખપદે ચૂંટાયા હતા અને બાદમાં તેમણે ભારતને માલ્દીવ્ઝમાંથી પોતાના લશ્કરી કર્મચારીઓ પાછા ખેંચી લેવા કહ્યું હતું. દ્વિપક્ષી સંબંધોમાં ત્યારે ભારે કડવાશ આવી ગઇ હતી જ્યારે મુઇઝ્ઝુના કેટલાક મંત્રીઓએ ભારતીય વડાપ્રધાન મોદી પર કટાક્ષો કરતા ઉચ્ચારણો કર્યા હતા. જો કે મુઇઝ્ઝુએ ત્યારબાદ પોતાનો ભારત વિરોધી અભિગમ હળવો બનાવ્યો હતો અને મોદીની ટીકા કરનાર મંત્રીઓને મંત્રીમંડળમાંથી કાઢી મૂક્યા હતા. આના પછી ભારત સરકારે પણ માલ્દીવ સાથે પોતાના સંબંધો સુધારવાની દિશામાં હિલચાલ શરૂ કરી હતી. હાલ જૂનમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએની સરકાર કેન્દ્રમાં ત્રીજી વખત સત્તા પર આવી ત્યારે વડાપ્રધાન મોદી અને તેમના મંત્રીમંડળનો શપથવિધિ સમારંભ યોજાયો તેમાં જે થોડાક વિદેશી નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું તેમાંના એક મુઇઝ્ઝુ પણ હતા. અને મુઇઝ્ઝુ ભારત આવ્યા પણ હતા. હાલ મુઇઝ્ઝુ ગુરુવાર સુધી ભારતમાં છે અને વિવિધ સ્થળોની મુલાકાત લેનાર છે.

ઘણાને એ બાબતે આશ્ચર્ય થઇ શકે છે કે સાવ નાનકડા અને આર્થિક રીતે પણ એકંદરે નબળા એવા માલ્દીવને ભારત શા માટે આટલું મહત્વ આપે છે? પણ આ મહત્વ આપવા પાછળ અગત્યનું કારણ વ્યુહાત્મકતા છે. હિંદ મહાસાગરમાં ૧૨૦૦ નાના નાના ટાપુઓ ધરાવતો માલ્દીવ દેશ એ મહત્વની શીપિંગ લાઇન નજીક આવેલો છે અને તે માર્ગ ચીન, જાપાન અને ભારત જેવા દેશો માટેના ઇંધણના પુરવઠા માટે ખૂબ મહત્વનો છે. બીજી બાજુ માલ્દીવમાં ચીનની વધતી વગ પણ ભારત માટે એક ચિંતાનો વિષય હતી. જો માલ્દીવમાં ચીન પગદંડો જમાવે તો ભારતને માટે વધુ મુશ્કેલીઓ ઉભી કરી શકે. આથી જ ચીનની વધતી વગને ઓછી કરવા માટે ભારત માલ્દીવને સતત પોતાની સાથે રાખવાનો પ્રયાસ કરે છે. કેટલાક આર્થિક કારણો પણ જવાબદાર છે. જે રીતે માલ્દીવમાં ભારતીય પર્યટકો જાય છે તે રીતે માલ્દીવમાંથી ભારતમાં પણ નોંધપાત્ર પ્રમાણમાં પર્યટકો આવે છે. વળી માલ્દીવમાંથી લોકો તબીબી સારવાર માટે અને ભણવા માટે પણ આવે છે તેનાથી પણ ભારતને આવક થાય છે. ભારત અને માલ્દીવ બંનેને એકબીજાની ગરજ છે. માલ્દીવને સમયસર ભારતનું મહત્વ સમજાઇ ગયું છે તે સારી વાત છે.

## હું ચાર્જર છું




એક કોલેજમાં ઇન્ટર કોલેજ સ્પર્ધા માટે બે સારા સ્પીકર,હોશિયાર વિદ્યાર્થી અને કોઇ પણ સમયે કોઇ પણ વિષય પર સરસ બોલી શકે તેવા વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હતી.

તે પસંદગી બરાબર થાય તે માટે કોલેજમાં ત્રણ રાઉન્ડની સિલેકશન પ્રોસીજર રાખવામાં આવી હતી. લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યાં.પહેલા રાઉન્ડમાં આપેલા વિષયોમાંથી કોઇ એક વિષય પર ચાર મિનીટ બોલવાનું હતું. તેમાંથી ૧૫૦ વિદ્યાર્થીઓ આગળ ગયાં.બીજા રાઉન્ડમાં ડીબેટ હતી તેમાં ૭૫ વિદ્યાર્થીઓ સિલેક્ટ થયાં.હવે ત્રીજો રાઉન્ડ અઘરો હતો.૭૫ માંથી માત્ર બે જ વિદ્યાર્થી પસંદ કરવાનાં હતાં.

ત્રીજા રાઉન્ડમાં સ્ટેજ પર એક મોટી બેગ રાખવામાં આવી હતી અને દરેક વિદ્યાર્થીએ સ્ટેજ પર જઈ બેગમાં જોયા વિના માત્ર હાથ નાખી પહેલી જે વસ્તુ હાથમાં આવે તે બહાર કાઢી તરત જ તે વસ્તુ વિષે બોલવાનું હતું.રાઉન્ડ શરૂ થયો.પેન,પેન્સિલ,ઘડિયાળ,પૈસા,બુક.આવી કોલેજીયનોની બેગમાં હોય તેવી વસ્તુઓ બધાના હાથમાં આવતી અને બધા તે વસ્તુ વિષે બોલતાં.

હવે રાઘવનો વારો આવ્યો.તે સ્ટેજ પર ગયો.બેગની અંદર હાથ નાખ્યો.તેના હાથમાં આવ્યું ‘મોબાઈલનું ચાર્જર’. રાઘવે બોલવાનું શરૂ કર્યું ---“મોબાઈલનું ચાર્જર હવે આપણો રોજનો સાથી છે.નાસ્તાનો ડબ્બો કે ટીફીન ભૂલી જઈએ તો ચાલે પણ મોબાઈલનું ચાર્જર ભૂલી જઈએ તો હાલત ખરાબ થઇ જાય છે.આ મોબાઈલ ચાર્જર આપણા મોબાઈલની જીવાદોરી છે અને આડકતરી રીતે આપણી પણ.કારણ મોબાઈલ વિના આપણાં બધાં કામ અટકી પડે.જો મોબાઈલ ચાર્જ ન હોય તો કામ ન કરે અને આપણે મોબાઈલનો એટલો બધો ઉપયોગ કરીએ છીએ કે તેને ચાર્જ તો કરવો જ પડે અને ચાર્જર વિના તે શક્ય નથી અને હા, એક ખાસ વાત હું પણ આ મોબાઈલના ચાર્જર જેવો જ છું,જ્યાં જાઉં ત્યાં મિત્રવર્તુળમાં...કોલેજમાં ..ફેમિલીમાં ...મારી વાતોથી ..મારી મસ્તીથી ..મારી જાણકારીથી બધાને ચાર્જ કરી દઉં છું.કોઈ નિરાશ ..હતાશ મિત્રને મારા પોઝીટીવ વિચારોથી ચાર્જ કરું છું.પરીક્ષા સમયે ડરતાં મારા નાના કઝીનને ભણાવીને ચાર્જ કરું છું.કામથી થાકેલી મારી મમ્મીને કામમાં મદદ કરી ..જાતે કોફી બનાવી તેને પીવડાવી ..મમ્મી જોડે વાતો કરી રિચાર્જ કરું છું.

આપણે બધાએ મોબાઈલના ચાર્જર જેવા બનવું જોઈએ. જ્યાં જાવ ત્યાં ..જેને મળો એને તમારા વિચાર વાણી વર્તનથી ચાર્જ કરી દો અને તેમને આનંદ ..હિંમત ...પ્રેમ આપી પોતે પણ રીચાર્જ થઇ જાવ. ”રાઘવ હજી બોલી રહ્યો હતો પણ તેના વિચારો અને રજૂઆતને તાળીઓથી વધાવી લેવામાં આવી.

# ગુજરાતના મધ્ય ભાગે પાંચાળ પ્રદેશ પહેલ પાડ્યા વિનાનો હીરો છે

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

ઉત્સવપ્રિય પાંચાલ એક જમાનામાં પશુપાલન માટે જાણીતો પ્રદેશ હતો. ખાખરાનાં વન અને લીલાંછમ ઘાસથી ઢંકાયેલ પાંચાલ પ્રદેશ પૌરાણિક સમયથી ગૌરવવંતો રહ્યો છે. પરંતુ આજે પાંચાલની ધરતીનો માયાળુ માનવી ઘસાઈ ગયો છે. પાંચાલને ગરીબીએ કોરી ખાધો છે. ખેતી સૂકી ભઠ થઈ પડી છે અને ખનિજ વેડફાઈ રહ્યું છે. કારીગરો કામ વિના અને પશુપાલકો ઘાસચારાના અભાવે સ્થળાંતર કરી રહ્યા છે.

ગુજરાત રાજ્યના મધ્ય ભાગે પ્રાચીન યુગથી અસ્તિત્વ ધરાવતો પાંચાલ ભૂતળ, હવામાન, ખેતીના પ્રકારથી માંડીને સાંસ્કૃતિક રીતે મહદ્ અંશે સમરૂપતા ધરાવે છે. પાંચાલમાં આર્થિક પછાતપણું જો કે લગભગ સરખી સ્થિતિમાં જોવા મળે છે, જે જોગાનુજોગ છે. એક સમયે પાંચાલ વિસ્તારમાં પાણીનો તોટો નહોતો. દશ-પંદર ફૂટે તો મીઠું પાણી નીકળતું, ઉનાળામાં આખોયે તાલુકો કેસૂડાનાં ફૂલોથી દીપી ઊઠતો. પાંચાલની આ શોભા અને ઓળખ હતી. ભૂતળ લિગ્નાઈટ, સિલિકા અને ક્યાંક ગ્રેનાઈટ પ્રકારના પથ્થરોથી સમૃદ્ધ છતાં પાંચાળમાં ગરીબીની ભરમાર જોતાં થાય કે આમ કેમ!!! ઉપાય તરીકે પ્રદેશના વિકાસ માટે વેલ્યુ એડિશન કરેલ કૃષિ ઉદ્યોગો બ્રોડગેજ લાઈન ઉપર રેલવેની પૂરતી સુવિધા તથા પૂરતા પ્રમાણમાં પાવરની પૂર્તિ કરવામાં આવે તે આવશ્યક છે. ચિનાઈ માટી, સફેદ અને કાળો પત્થર, કોલસો, વગેરેનો જથ્થો વિપુલ પ્રમાણમાં છે, જે આધારિત ઉદ્યોગો વિકસાવવા જોઈએ. આથી સ્થાનિક લોકો માટે રોજગારીની તકો વિકસશે. થાનગઢ અને બામણબોર જેવાં એકાદ બે સ્થળે ઉદ્યોગોના ખડકલા થાય તેના બદલે દર પાંચ કિલોમિટરની ત્રિજ્યામાં એકાદ-બે મોટા ઉદ્યોગો વિકસે. નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અપાય તો પોટરી ઉદ્યોગ તેમજ સિલિકાના પથ્થરને ભાંગવાના ભરડિયા (કવોરી) વિકેન્દ્રિત રીતે વિસ્તરશે.

પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ માટે વિસ્તારમાં જે બિનઉપયોગી કૂવાઓ પડેલા છે તેમને રિચાર્જ કરવામાં આવે, નદી-નાળાં વચ્ચે બંધારો કરી પાણી જમીનમાં ઉતારવા માટે કોઈ દાતા આગળ આવે તો તેને ઈન્કમ ટેક્સમાંથી મુક્તિ મળે તેવી જોગવાઈ પણ થવી જોઈએ. પાંચાલના પર્યાવરણની જાળવણી માટે ધાર્મિક સંસ્થાઓ ગ્રામ પંચાયતોને ઓછા વ્યાજની લોન આપે અને સરકાર ૫૦ ટકા સુધીની સબસિડી આપે તો પાંચાલ ખીલી ઊઠે. આ વિસ્તાર ખડકાળ છે, જ્યાં બંધારા બાંધવાથી ઓછા ખર્ચે પાણીનો સંગ્રહ થશે અને પર્કોલેશન દ્વારા નદી-કૂવાનાં તળ ઊંચાં આવશે. ચોટીલાથી થાનગઢના રસ્તામાં બે કિલોમીટરના અંતરે બે મોટી ખાલી ખાણો આવેલ છે, જેમાં વરસાદી પાણી સંગ્રહ થાય છે, પરંતુ આ બંને ખાણોને જોડવામાં આવે તો સાયલા-ચોટીલા વિસ્તારને લગભગ એક વર્ષ ચાલે તેટલા પાણીનો સંગ્રહ શક્ય બની શકે તેમ છે.

પાંચાલ પ્રદેશનું ભીમોરા તેના ગઢના કાંગરે અજય હતું. પરંતુ આજે ખંડિયેર હાલતમાં પડયું છે. પાંચાલમાં પશુઓની સંખ્યા વધુ છે અને તેના ઉપર નિભાવ કરતાં માલધારી ગરીબી વચ્ચે પોતાનાં ઢોર બચાવવા છેક નાગપુર સુધી સ્થળાંતર કરે છે. વનવિભાગે આ જ ક્ષેત્રની ૫૦,૦૦૦ હેકટર જમીન ઘાસ- જંગલ માટે અનામત રાખી છે. જો કે જમીનના અસરકારક ઉપયોગ માટે ઘાસથી ભરપૂર વીડીઓ માલધારીઓને સોંપવામાં આવી નથી આથી દૂધ ઉત્પાદન અને વિકાસ શક્ય બનતો નથી. પાંચાલ વિસ્તારમાં કૂવાઓમાં પાણી નીકળે છે, જેને સોલાર વીજળીથી જોડવામાં આવે તો ખેત-ઉત્પાદનમાં ૨.૫ થી ૩ ગણો વધારો થશે. ગરીબીની સમસ્યા બધે સમાન રહે છે અને વ્યક્તિલક્ષી લાભો આપવાથી સમાજ બેઠો થતો નથી. ઔદ્યોગિક વિકાસ થવાથી ક્ષેત્રનો વિકાસ થઈ જાય છે તે માન્યતા પણ ભૂલભરેલી છે. આજે ગુજરાતનો પૂર્વ પટ્ટીનો ડુંગરાળ વિસ્તાર રાજ્યના ઔદ્યોગિક રીતે વિકસિત વિસ્તારની લગોલગ હોવા છતાં આદિવાસી રોજીરોટી માટે છેક કચ્છ સુધી સ્થળાંતર કરે છે. આ સ્થિતિ દર્શાવે છે કે ગરીબોના પ્રશ્નો કોઈ એકાદ વ્યક્તિથી કે કામચલાઉ રાહતથી ઉકેલી શકાય તેમ નથી. આમ છતાં હૈયાસૂઝ ધરાવતી પાંચાલની પ્રજા પોતીકા વિકાસ અંગે જાગ્રત છે, ત્યારે થાનગઢના વિસ્તારમાં આશ્રમશાળાઓ ખોલવી, બાળલગ્ન પ્રતિરોધ જાગૃતિ કેળવવી જરૂરી બને છે. આરોગ્ય સવલત સંબંધે પાંચાલ વિસ્તારમાં આંખ, કાન અને હાડકાંની સારવારની સગવડ નથી. ગરીબીવશાત્ લોકો પાસે સારવાર માટે રાજકોટ કે સુરેન્દ્રનગર જેવાં શહેરોમાં જવા માટે પૈસા હોતા નથી. આથી ફરતાં દવાખાનાં શરૂ થાય તે વધુ જરૂરી છે.

અહીં નાગરિકો જૂના રીતરિવાજોને વળગી રહીને લગ્ન-મરણ પ્રસંગોએ જમીન, વાડી વેચીને પણ ખર્ચ કરતા હોય છે. આ માટે શિક્ષણ સંસ્થાની સ્થાપના જરૂરી છે. પાંચાલ જેવા કઠણ પ્રદેશમાં એકીસાથે સમગ્ર રીતે વિકાસ કરી નાંખવાનું કામ અઘરું છે. આથી નાનાં નાનાં ગામડાંઓનાં જૂથ(કલસ્ટર) બનાવીને ત્યાં સઘન કામગીરી કરવામાં આવે તો કામ દેખાશે. પાંચાલની ધરા ઉપર દક્ષિણ પશ્ચિમનો પવન ફૂંકાય છે. આ પવન જમીનની સપાટીનાં ફળદ્રુપ તત્ત્વો ઉડાડીને લઈ જાય છે. આ સામે જમીનને રક્ષણ આપવા માટે ખેતરના શેઢે વૃક્ષો વાવવામાં આવે અને જંગલ વિસ્તારમાં ઘાસ ઉગાડવામાં આવે તો દૂધ-ઉત્પાદન અને પશુસંવર્ધન પર સારી અસર પહોંચશે અને સ્થળાંતર ઘટશે. ચોટીલામાં પ્રવાસના વિકાસની સારી એવી શક્યતા છે. થાન નજીક જામવાળા ગામથી શરૂ કરીને વાંકાનેર બાઉન્ડ્રી સુધીનો વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે. તરણેતરનો મેળો જગપ્રસિદ્ધ છે. આવો જ કાંઠાનો વિસ્તાર છે જ્યાં ઘુડખર વાઈલ્ડ લાઈફ સૅન્કચુઅરનું અનેરું આકર્ષણ પણ છે. આ સ્થળે સારાં વિશ્રામગૃહો હોય, ખાણીપીણીની સુવિધા હોય તેમજ હસ્તઉદ્યોગોની બનાવટોની વેચાણવ્યવસ્થા હોય એ આવશ્યક છે. પંચાલ વિસ્તાર ગૃહઉદ્યોગમાં પણ આગવું સ્થાન ધરાવે છે. વણાટકામ, ભરતગૂંથણ, બાંધણી અને ચર્મોદ્યોગ વગેરે જાણીતાં છે. આ માટે યોગ્ય કાચો માલ, આધુનિક સાધનો અને વેચાણની કડી ગોઠવવી જોઈએ. હસ્તકલાકારીગરી માટે કલાકારોને પ્રોત્સાહન મળી રહે તે માટે મહિલા વિકાસ સંસ્થા ઊભી કરી કલાના કસબને વિકસાવવો જોઈએ. સાયલા- ચોટીલા વિસ્તારમાં કાઠી અને ભરવાડ કોમની બહેનો ભરતગૂંથણ તેમજ મોતીકામમાં માહેર છે. તેમને માર્કેટ પૂરું પાડવું જોઈએ. પંચાલની ભૂમિ અશ્વભૂમિ છે. આથી ઘોડાઉછેરની પ્રવૃત્તિને પણ વેગ મળી શકે તેવી સંભાવનાઓ ભરી પડી છે.

ગુજરાતના મધ્ય ભાગે પાંચાલ પ્રદેશ પહેલ પાડ્યા વિનાના હીરા જેવો સમૃદ્ધ છે. તેનાં કામઢાં લોકો ટૂંકી ખેતી અને ઢોરઢાંખરના ટેકે પરિશ્રમભર્યું જીવન ગુજારે છે. પ્રાકૃતિક આફતો પાંચાલને વેરવિખેર કરી નાંખે છે. ત્યારે વિકસતું ગુજરાત ઉદ્યોગોના સહારે કંકુવર્ણી ભોમકાનો હાથ પકડે તો કેસુડાંનો રંગ આમ લોકોના જીવનમાં ચડતો દેખાશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# કલમ 370 કરતાં વધુ, જમ્મુ-કાશ્મીર માટે સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવો એ સાંપ્રત સમય માટે વાસ્તવિક મુદ્દો છે

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

જમ્મુ-કાશ્મીરમાં દસ વર્ષ પછી વિધાનસભાની ચૂંટણી થઈ છે. ચૂંટાયેલી સરકાર ટૂંક સમયમાં સત્તા સંભાળવાની તૈયારીમાં છે. નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધન 2024ની જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં કમાન્ડિંગ લીડ ધરાવે છે - આર્ટિકલ 370 નાબૂદ કરવામાં આવ્યા પછી ભૂતપૂર્વ રાજ્યમાં પ્રથમ અને 2014 પછી પ્રથમ ચૂંટણી છે. ભાજપને કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી વિકાસની ગતિથી ફાયદો થવાની આશા હતી, પરંતુ કાશ્મીર ઘાટીના લોકો તેને સ્વીકારવાના મૂડમાં ન હતા. જમ્મુ ક્ષેત્રમાં પણ ભાજપને કોંગ્રેસ કરતાં વધુ બેઠકો મળવા છતાં સંપૂર્ણ સમર્થન મળ્યું નથી. તે એટલા માટે કારણ કે મતદારોને લાગ્યું કે કલમ 370 હટાવ્યા પછી તેના ઘણાં વચનો પૂરાં થયાં નથી. તેથી, નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનની જીત કાશ્મીર ખીણના લોકોની લાગણીઓને વ્યક્ત કરે છે - કલમ 370 હટાવવા પર નહીં, પરંતુ પાંચ વર્ષમાં રાજ્યનો દરજ્જો ગુમાવ્યા બાદ. મહેબૂબા મુફ્તીની પીડીપીને તેમનાં જૂનાં નિવેદનો અને ભાજપ સાથેના ભૂતકાળના જોડાણને કારણે લગભગ સંપૂર્ણ અસ્વીકાર કરવામાં આવ્યો હતો, જેની સાથે તેણીએ એક સમયે સત્તા વહેંચી હતી.

ઓમર અબ્દુલ્લા આ ક્ષણના માણસ તરીકે ઊભરી આવ્યા છે. તેઓ 2009થી 2015ની વચ્ચે છ વર્ષ સુધી પૂર્ણ કક્ષાના જમ્મુ-કાશ્મીર રાજ્યના સીએમ હતા. હવે, તેમણે કેન્દ્રશાસિત પ્રદેશના સીએમ તરીકેની જવાબદારી સંભાળવાની છે. જોકે, તેમની પાર્ટીએ જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ 370ને ભાવનાત્મક મુદ્દો બનાવ્યો હતો, જે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપે છે, પણ તેઓ જાણે છે કે

જમ્મુ-કાશ્મીરમાં કોઈ પણ એ નથી માનતું કે કલમ 370 પુનરાગમન કરી શકે છે. પરંતુ જમ્મુ-કાશ્મીરમાં દરેક નાગરિકને ભારપૂર્વક લાગે છે કે મોદી સરકારે વધુ વિલંબ કર્યા વિના રાજ્યનો દરજ્જો આપવો જોઈએ. અબ્દુલ્લાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અથવા ભાજપનો મુકાબલો કરવાની કોંગ્રેસની યોજનાને અનુસરવાને બદલે કેન્દ્ર સાથે સરળતાથી કામ કરવાનો અભિગમ અપનાવીને આ લક્ષ્ય તરફ કામ કરવું સારું રહેશે.

તેનાથી જમ્મુ-કાશ્મીરના લોકોને કોઈ મદદ મળશે નહીં. કોઈ પણ એ ખાતરીપૂર્વક કહી શકે છે કે, વડા પ્રધાન પણ ઈચ્છશે કે, અબ્દુલ્લાએ કેન્દ્રને સહકાર આપીને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા માટે કામ કરવું જોઈએ. અલગતાવાદી તત્ત્વોના દબાણને હરાવવાનો આ એકમાત્ર રસ્તો છે. વિકાસ અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટ એ આગળ વધવાનો માર્ગ છે. અબ્દુલ્લાએ આ તકનો ઉપયોગ એ યોજનાઓના ઝડપી અમલીકરણ માટે કરવો જોઈએ જે ભાવનાત્મક મુદ્દાઓ પર સમય બગાડવાને બદલે જમ્મુ-કાશ્મીરમાં વધુ નોકરીઓનું સર્જન કરશે. જો રાજકારણને દૂર રાખવામાં આવે તો તેઓ મોદી પાસે મોટી આશા રાખી શકે છે. આ દસ વર્ષમાં જમ્મુ-કાશ્મીરમાં ઘણો બદલાવ આવ્યો છે. ક્યારેક રાજ્ય રહેલું આ રાજ્ય હવે બે કેન્દ્રશાસિત પ્રદેશો-જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત થઈ ગયું છે. સંસદ દ્વારા પસાર કરાયેલ જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ-2019, પ્રથમ સૂચિમાં સુધારો કરીને બે કેન્દ્રશાસિત પ્રદેશોની રચના કરી, જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નામ અને બંધારણની કલમ 3 સામેલ છે.

આ અધિનિયમ લાગુ કરીને જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશની રચના વિધાનસભા સાથે કરવામાં આવી હતી, જ્યારે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશની રચના વિધાનસભા વિના કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા હોવાથી તેમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાના નેતૃત્વમાં મુખ્યમંત્રી અને સરકાર હશે. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ-2019એ એલજીને વિધાનસભા કરતાં વધુ વ્યાપક ભૂમિકા આપી છે. ટૂંકમાં, કેન્દ્રશાસિત પ્રદેશને અસર કરતી બાબતો પર એલજીનો દબદબો રહેશે. કાયદાની કલમ 32 વિધાનસભાની હદ સાથે સંબંધિત છે. આ કલમ મુજબ, વિધાનસભા કેન્દ્રશાસિત પ્રદેશ માટે જાહેર વ્યવસ્થા અને પોલીસ સિવાય રાજ્યની યાદીમાં સૂચિબદ્ધ કોઈપણ બાબત અંગે કાયદો બનાવી શકે છે. દરમિયાન, કલમ એમ પણ કહે છે કે તે સંસદને કેન્દ્રશાસિત પ્રદેશ સંબંધિત કાયદાઓ બનાવવાથી અવરોધશે નહીં જે બંધારણે તેને આપ્યું છે.

વધુમાં, સમવર્તી સૂચિ માટે કેન્દ્રશાસિત પ્રદેશ માત્ર ત્યાં સુધી કાયદો બનાવી શકે છે જ્યાં સુધી તે જમ્મુ અને કાશ્મીર પર લાગુ થતું હોય. બીજી બાજુ, રાજ્યોને સમવર્તી સૂચિમાં વધુ સ્વતંત્રતા છે અને જ્યાં સુધી તેઓ સંસદ દ્વારા નિર્મિત કાયદાની વિરુદ્ધ ન હોય ત્યાં સુધી તેઓ કાયદો બનાવી શકે છે. કલમ 36 હેઠળ, ફાઈનાન્સ બિલ રજૂ કરવા માટે વિધાનસભા પણ એલજી પર નિર્ભર રહેશે. કાયદાની કલમ 36 મુજબ, ફાઈનાન્સ બિલ ફક્ત એલજીની ભલામણ પછી જ ધારાસભામાં રજૂ કરી શકાય છે, જો બિલ/સુધારો કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર દ્વારા કોઈપણ નાણાકીય જવાબદારીઓના સંદર્ભમાં કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરે છે અથવા તેના દ્વારા હાથ ધરવામાં આવે છે. આ કલમની વ્યાપક અસરો છે. કારણ કે, મોટા ભાગના બિલો/સુધારાઓ નાણાકીય જવાબદારી સાથે આવે છે, જે વિધાનસભા માટે એલજીની ચિંતાઓને ટાળવાનું મુશ્કેલ બનાવે છે.

કલમ 53 હેઠળ મંત્રી પરિષદ એલજીને સલાહ આપશે. જોકે, આ અધિનિયમ એલજીને સીઓએમની સલાહથી બંધનકર્તા નથી. જેમ કે, મોટા ભાગના રાજ્યોમાં છે. આ કાયદો એલજીને તેની સત્તાનો ઉપયોગ કરવાની અને તેની વિવેકબુદ્ધિથી કાર્ય કરવાની સત્તા આપે છે. સૌથી અગત્યની વાત એ છે કે, આ અધિનિયમ જોગવાઈ કરે છે કે, એલજીની વિવેકબુદ્ધિ પર સવાલ ઉઠાવતી કોઈપણ બાબતમાં એલજીનો નિર્ણય આખરી રહેશે અને આવા કોઈપણ નિર્ણય પર પ્રશ્ન ઉઠાવી શકાય નહીં. એટલું જ નહીં, મંત્રી પરિષદ દ્વારા આપવામાં આવેલી સલાહની પણ કોર્ટમાં પૂછપરછ કરી શકાતી નથી. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ-2019 - 26 જુલાઈ, 2023ના રોજ સુધારેલ-એલજીને વિધાનસભામાં ધારાસભ્યોને નામાંકિત કરવાની સત્તા આપે છે. અધિનિયમની કલમ 15 એ ગૃહ માટે નોમિની સભ્યો માટે માર્ગદર્શિકા નિર્ધારિત કરી છે. કાયદો પુડુચેરી મોડલની જેમ કામ કરે છે, જ્યાં નામાંકિત સભ્યો ચૂંટાયેલા ધારાસભ્યોની જેમ જ મતદાનનો અધિકાર ધરાવે છે.

2017-18માં પુડુચેરીમાં રાજકીય હલચલ જોવા મળી હતી જ્યારે તત્કાલીન કેન્દ્રશાસિત પ્રદેશ એલજી કિરણ બેદીએ કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારની સલાહ લીધા વિના વિધાનસભામાં બે સભ્યોને નામાંકિત કર્યા હતા. મામલો મદ્રાસ હાઈકોર્ટ અને બાદમાં સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી સર્વોચ્ચ અદાલતે તારણ કાઢ્યું હતું કે, યુટી સરકારની સલાહ લીધા વિના ધારાસભ્યોની નિમણૂક કરવી ગેરકાયદે નથી. પરંતુ જમ્મુ-કાશ્મીરમાં મોટો પ્રશ્ન એ છે કે શું એલજીની સત્તા ચૂંટાયેલી સરકાર પર છે. પહેલેથી જ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના પરિણામો માત્ર રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા સાથે જ સાર્થક થશે તેવી દલીલ કરીને બે મહિનામાં તેના રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીનો સંદર્ભ આપતાં અરજદારો ઝહુર અહેમદ ભટ અને કાર્યકર્તા ખુર્શીદ અહમદ મલિકે કહ્યું છે કે, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરતાં પહેલાં વિધાનસભાની રચના કરવી એ સંઘવાદના વિચારનું ઉલ્લંઘન હશે, જે બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે. તેઓએ રજૂઆત કરી હતી કે, વિધાનસભાની ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હોવાથી જો ટોચની અદાલત સમયમર્યાદાની અંદર કેન્દ્રશાસિત પ્રદેશને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપે તો સુરક્ષાની કોઈ ચિંતા રહેશે નહીં. અવામી ઈત્તેહાદ પાર્ટી (એઆઈપી)ના વડા અને ઉત્તર કાશ્મીરના લોકસભા સાંસદ એન્જિનિયર રશીદે તો જમ્મુ-કાશ્મીરમાં રાજકીય પક્ષોને કહ્યું છે કે, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી પદના શપથ ન લે અથવા સરકાર બનાવવાથી દૂર રહે.

સંભવતઃ મોદી માટે પણ જમ્મુ-કાશ્મીરના લોકોના દિલ જીતવાની સુવર્ણ તક છે - સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપીને અને ભારતના શ્રેષ્ઠ હિતમાં મોટા પાયે પરિવર્તનના વાહક બનીને.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

### શિક્ષક તરીકેની સાચી પાત્રતા અને ઓળખ?

સરકારી હોય કે ખાનગી, જ્યારે પાઠયપુસ્તકો, અભ્યાસક્રમ, શિક્ષણ, શિક્ષણતંત્ર એક સમાન હોય તો શિક્ષક તરીકે કામ કરતાં રાષ્ટ્રનિર્માતાઓ સાથે અન્યાય શા માટે? માત્ર એક શિક્ષક યોગ્યતા કસોટી (ટાટ, ટેટ) શિક્ષકને શિક્ષક તરીકેની ઓળખ, વેતન, પાત્રતા અને સન્માન આપતી હોય તો ખાનગી શાળામાં તાલીમી ડિગ્રી સાથે શિક્ષક યોગ્યતા કસોટી પાસ કરીને ફરજ બજાવતાં શિક્ષકોની કોઈ શિક્ષક તરીકે સાચી ઓળખ ખરી? જ્યારે રાજ્ય બોર્ડની કામગીરી વખતે વિદ્યાર્થીઓના ખંડ-નિરીક્ષકથી માંડી ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી બાબતે ખાનગી અને સરકારી વચ્ચેનો ભેદ કે પાત્રતા જોવામાં આવતી ન હોય તો એક સમાન વેતન અને એક સમાન વ્યવસાય તરીકેની ઓળખ સરકાર ન આપી શકે? હાલ, સરકાર શિક્ષણને ઉચ્ચ સ્તરે લઈ જવા અનેક પ્રયાસો અને યોજનાઓ હાથ ધરી રહી છે. આ તમામ યોજનાઓમાં વિદ્યાર્થીકેન્દ્રી પાસાંઓ કોઈ ભેદ દર્શાવતાં નથી. જ્યારે બીજી તરફ શિક્ષકો આજે ખાનગી અને સરકારી શબ્દોમાં પીસાઈ રહ્યાં છે. કોઈ એવી પણ યોજના અમલમાં આવવી જોઈએ કે જે શિક્ષકને માત્ર શિક્ષક તરીકેની ઓળખ અપાવે. જો ખાનગી શિક્ષક અને સરકારી શિક્ષકમાંથી માત્ર એક ‘શિક્ષક’ તરીકેની ઓળખ મળશે તો જ ભારતને એક જ વ્યાખ્યાથી સેવાભાવી ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો અને નેતાઓ મળશે.

**સુરત - કુરેશી શાહીદ**

### હવે ચર્ચાપત્ર મોકલવું થયું વધુ આસાન

હવે ગુજરાતમિત્રના ચર્ચાપત્ર વિભાગને આપના ચર્ચાપત્રો ઇમેલ દ્વારા પણ મોકલી શકો છો. આપના પત્રો ગુજરાતીમાં ટાઇપ કરી અથવા હાથે લખેલા પત્રોના સ્પષ્ટ, વાંચી શકાય તેવા ફોટો ખેંચી **charchapatra@gujaratmitra.in** ઇમેલ એડ્રેસ ઉપર મોકલી શકાશે. ઇમેલમાં આપનું નામ તથા આપનું સરનામું અચૂક લખશો. સંપર્ક માટે આપનો ફોન નંબર પણ આવકાર્ય.

### પોલીસ મા બાપનું સ્થાન ન લઈ શકે

આ વાત કયા શહેરની છે અને એ સાથે સંકળાયેલ કયા યુવક યુવતિની છે એની પળોજણમાં પડ્યા વગર એમાં સમાયેલ તથ્ય પર ફોક્સ કરવાનો ઈરાદો છે.રાતે એકાદ વાગ્યા પછી (છૂટ તો સવારે પાંચ સુધી ગરબા રમવાની છે ને?)હાથમાં હાથ પરોવી યુવક યુવતિ જતાં હતાં. સિક્યુરિટી માટેની પોલીસ ટીમના એક સભ્યને શંકા જતાં એ પોલીસે એમને રોક્યાં.નામ ઠામ વગેરેની બને એટલી માથાકૂટ કરીને પછી એને જવા દીધાં. યુવક યુવતિએ રજૂ કરેલી કેફિયત પછી પણ પોલીસને શંકા તો હતી જ (ખરેખર એ યુવક યુવતીનો મિત્ર, મંગેતર,પ્રેમી,બોય ફ્રેન્ડ,કે ટપોરી કોણ હશે?) એ નકકી કરવું પોલીસ માટે તો શું અન્ય માટે પણ શકય નહોતું. બીજા દિવસે એક યુવતિએ રેપની ફરિયાદ કરી છે એમ જાણવા મળ્યું.સ્વાભાવિક રીતે જ યુવક ભૂગર્ભમાં ઊતરી ગયો અને પછી પોલીસ ટીમે શોધી પણ કાઢ્યો. આ ટીમમાં ગઈ રાતે જેમની પૂછપરછ કરી હતી એ પોલીસ પણ કમનસીબે આમાં હતો અને એણે યુવતિને ઓળખી કાઢી.અહીં પેલા પોલીસની સ્થિતિ કાંઈ પણ કહે તો ‘આ બેલ મુઝે માર’ જેવી થાય એમ કહેવાની જરૂર ખરી?

**સુરત - પ્રભાકર ધોળકિયા**

### સ્વાતંત્ર્યસેનાની માર્ગો જાહેર કરવા જરૂરી છે

જાણકારી અનુસાર સુરત શહેરના અનેક વિસ્તારોમાં ઠેરઠેર 1942 ની હિન્દ છોડો ચળવળ દરમિયાન અઢળક યુવા ક્રાંતિકારીઓ ઉપર બ્રિટિશરોએ મીઠાના પાણીમાં બોળેલી ચાબુકથી નગ્નાવસ્થા કરી બેરહમીથી ફટકાર્યા બાદ જેલવાસ પણ કરાવ્યો હતો. આ બાબતની નોંધ,આઝાદ ભારત બાદ જે તે વખતની સત્તાધારી કોંગ્રેસ પક્ષની સરકાર સમક્ષ વારંવારની રજૂઆતો દેશભરના તમામ રાજકીય પક્ષ દ્વારા સાચ્ચે જ સેનાનીઓની ખરી કદરદાનીના ભાગરૂપ માંગ કરાઈ હતી. આ મુદ્દાઓ ઉપર સર્વપક્ષીય સહમતી બાદ દેશભરના તમામ ધર્મ - જાત અને વર્ગના આવા નિડર અને સાહસિકોને ,દેશપ્રેમીઓને સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનું બિરુદ આપી જાહેર સમ્માન સમારંભ બાદ જે તે સ્વાતંત્ર્ય સંગ્રામના ભાગીદારોને કોંગ્રેસના રાજમાં ‘જ દર મહિને આજીવન યથોચિત રકમનું જિલ્લા તિજોરી કચેરીએથી પેન્શન ચૂકવણા કરી ખરા અર્થમાં એક સુચારુ અને આજીવન નોંધપાત્ર પ્રશંસનીય સામાજિક કાર્ય હતું,જેને આજની તારીખે પણ દેશવાસીઓ સહૃદય બિરદાવી રહ્યાં છે. આવા પ્રકારના દેશના હિતાવહ અને મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર તમામ સ્વર્ગીય સ્વાતંત્ર્ય સંગ્રામના હિસ્સેદારોની ચિરંજીવ સ્મૃતિ ખાતર અને જે તે સમાજના આવા તમામ સૈનિકોને એમનાં પરિવારોને પણ માન ખાતર જે તે વિસ્તારના સૌ કોઈ સુજ્ઞ સ્વાતંત્ર્ય સૈનિકોના જન્મસ્થાન નજીકના મહોલ્લા કે નજીકના નાના મોટા અનેક માર્ગ ઉપર સુરત મહાનગરપાલિકાના હાલના સત્તાવાળાઓ સામે શાસકોએ એમના નામાભિધાન જાહેર કરીને કાયમી સ્મૃતિ હેતુસર તરતપાસ કરી કરાવી,ખરાઈ કરીને સ્વાતંત્ર્ય સેનાની માર્ગ પર એવા તમામ સ્વર્ગીય સૈનિકો માટે જે તે ઘર પરિવાર અને લાગતાવળગતા તમામ સમાજના સહુ કોઈ નગરજનોને આઝાદીકા અમૃત મહોત્સવના નામે દેશભરમાં જે રીતે ખર્ચાળ કાર્યક્રમો યોજાયા હતા, ત્યારે આવા જાહેર માર્ગ ઉપર સ્વાતંત્ર્ય સૈનિક માર્ગ જાહેર કરાવી ખર્ચાભેગા નહિવત ખર્ચાઓ માટે વિરોધપક્ષ પણ કોઈ વિરોધ નહીં કરશે, એવો આશાવાદ વ્યક્ત કરું છું.

**સુરત - પંકજ શાંતિલાલ મહેતા**

### પ્રતિબિંબ

આપણી આસપાસ, સમાજમાં, દેશમાં જે સારું કે નરસું છે તે આપણું જ પ્રતિબિંબ છે.કોઈ પણ વ્યકિત, સંસ્થા, નેતા, રાજનીતિક પક્ષ,પક્ષના કાર્યકરો કે પછી સરકાર કોઈને પણ પોતાની ખરાબી કે ખામી દેખાતી જ નથી.બધાને જ બીજા તરફ આંગળી ચીંધી જવાબદારીમાંથી છટકી જવું છે.૭૫ વર્ષથી વધુ સમય આઝાદી મળ્યાને થઈ ગયો છે.ઘણી વાર તો લાગે છે કે આઝાદ થયા કે ગુલામ? કહે છે અંગ્રેજોની સામે બોલી શકાતું ન હતું, તો શું આજની સરકારો સામે બોલી શકાય છે? અંગ્રેજો વિરોધ પ્રદર્શન કરવા નહોતાં દેતા, શું આજની સરકારો કરવા દે છે? જે સમાજના અગ્રણીઓ કે આગેવાનો કહેવાય એમાંથી ૯૯ ટકા આજે ફક્ત ભૌતિકતાની પાછળ પડી શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે.જે એક ટકા સાચી વાત કરવાની હિંમત કરે તો એને પ્રજા સ્વીકારવા તૈયાર નથી. કેટલાંય ઉદાહરણ છે રાજનીતિમાં કે ઈમાનદાર અને સ્વચ્છ છબી ધરાવતાં નેતાઓને પ્રજાએ જ કારમી હાર આપી હોય.આજે આપણી આસપાસ જે પણ બદી, દૂષણ, અનર્થ થાય છે ક્યાંક ને ક્યાંક આપણે બધા જ એના માટે જવાબદાર છીએ.જો આ બધી બાબતો પર ગંભીતાપૂર્વક ચિંતન કરવામાં નહીં આવે તો ઘણું મોડું થઈ જશે.જેમ જૂના સમયમાં લોકો ખોટું થાય તો તેના વિરોધમાં અવાજ ઉઠાવતા હતા એ પ્રથાને જીવંત રાખવી પડશે.પોતાનાં જ લોકોનો વિરોધ કરવો પડે તો સત્ય માટે કરવો જ જોઈએ . આટલી હિંમત લાવવી પડશે.જે ધર્મની વાત કરો છો એ શું શીખવાડે છે? રામાયણમાં વિભીષણ, મહાભારતમાં અર્જુન આ શું સંદેશો આપે છે? આપણે જેવા હોઈશું તેવું જ પ્રતિબિંબ પડશે.

**સુરત - કિશોર પટેલ**

### પતંજલિ ઉત્પાદકોની વેપાર નીતિ

હાલમાં પતંજલિ ઉત્પાદકોએ દરેક પ્રકારના ઉત્પાદનમાં ગજબનું કાઠું કાઢ્યું છે. ઠેરઠેર પતંજલિના સ્ટોર્સ ઊભા કરી દેવામાં આવ્યા છે. પતંજલિના ઉત્પાદકો સોશ્યલ મિડિયા તથા અખબારોના માધ્યમ થકી તેની ઉત્પાદકીય વસ્તુઓનો જોરશોરથી પ્રચાર કરે છે. દવાથી લઈને ખાદ્ય પદાર્થો તથા ઘર વપરાશની મોટા ભાગની પ્રોડક્ટ પતંજલિના શોપમાં આસાનીથી મળી રહે છે. હવે પ્રશ્ન અહીં એ થાય છે કે તમે પતંજલિ શોપમાંથી ૧ હજાર રૂપિયાથી લઈને ૫ હજાર રૂપિયા સુધીની વસ્તુઓ ખરીદશો તો પણ એ લોકો તમને કેરી (carry bag) બેગ કે થેલી આપતાં નથી અને જો કોઈ ગ્રાહક થેલીની જીદ કરે તો તે લોકો રૂપિયા પાંચ રોકડા લઈને કાપડની થેલી આપે છે. ખરેખર તો દરેક વેપારીએ પોતાનાં ગ્રાહકોને વસ્તુઓ લઈ જવા માટે કેરી બેગ કે થેલી પૂરી પાડવાની જવાબદારી હોય છે, પરંતુ પતંજલિના ઉત્પાદકો વધારે ને વધારે નાણાં રળવાની લાહ્યમાં એક કેરી બેગ પણ ગ્રાહકોને પૂરી પાડતાં નથી. આ બાબતને પતંજલિની આડોડાઈ કે વેપારી નીતિ સમજવી એ વાચકોએ તથા ગ્રાહકોએ સમજવા જેવો વિષય છે.

**પંચમહાલ- યોગેશભાઈ આર. જોશી**